| PUBLICATION NAME : | NavGujarat Samay |
| --- | --- |
| EDITION : | Ahmedabad |
| DATE : | 03/01/24 |
| PAGE : | 16 |

ભારતને 2026-27 સુધીમાં 5 ટ્રિલિયન ડોલરની ઈકોનોમી બનાવવામાં ગુજરાતની ભૂમિકા મહત્ત્વની

# FDIનું 18% યોગદાન સાથે ગુજરાતમાં ₹ 2,28,833 કરોડનું રોકાણ

**• 2020-21માં ભારતના GDPમાં ગુજરાતનો હિસ્સો 8.36 ટકા, 2026-27 સુધીમાં 10 ટકા સુધી પહોંચાડવાનો લક્ષ્યાંક**

નવગુજરાત સમય > ગાંધીનગર

વર્ષ ૨૦૨૬-૨૭ સુધીમાં ભારતને પાંચ ટ્રિલિયન ડોલર GDPનું લક્ષ્ય હાંસલ કરાવવામાં ગુજરાતની ભૂમિકા મહત્ત્વની સાબિત થવાની છે. વર્ષ ૨૦૨૦-૨૧માં ભારતના GDPમાં ગુજરાતનો હિસ્સો ૮.૩૬ ટકા હતો. જે હવે વર્ષ ૨૦૨૬-૨૭ સુધીમાં લગભગ ૧૦ ટકા સુધી હિસ્સો પહોંચાડવાનો લક્ષ્યાંક નક્કી કરાયો છે. ગુજરાતે ઓક્ટોબર-૨૦૧૯થી સપ્ટેમ્બર-૨૦૨૨ દરમિયાન સીધા વિદેશી મૂડીરોકાણ (FDI) માં ૧૮.૦ ટકા યોગદાન સાથે રૂા. ૨,૨૮,૮૩૩ કરોડની વિદેશી સીધી મૂડી આકર્ષિત કર્યું છે. તેની સાથે જ ગુજરાતનો, ચાર અક્ષરનો શબ્દ આજે વિકાસનો પર્યાય બની ગયો છે. વાઈબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટ જેવા કાર્યક્રમોના પરિણામે આજે ગુજરાત વૈશ્વિક રોકાણકારોની પ્રથમ પસંદગીનું સ્થળ અને ઉદ્યોગકારો માટે સ્વર્ગ બની ગયું છે.

એન્યુઅલ સર્વે ઓફ ઈન્ડસ્ટ્રીઝ ૨૦૧૯-૨૦ના પરિણામો અનુસાર, ગુજરાત કુલ ઉત્પાદન, સ્થાયી મૂડી અને ચોખ્ખી મૂલ્ય વૃદ્ધિમાં અનુક્રમે ૧૮.૨ ટકા, ૨૦.૬ ટકા અને ૧૫.૭ ટકાના હિસ્સા સાથે દેશમાં પ્રથમ છે. નેશનલ મેન્યુફેક્ચરિંગ



GDP ૨૦૨૦-૨૧માં મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં ગુજરાતનો ફાળો સૌથી વધુ ૧૮.૭૪ ટકા છે. વર્ષ ૨૦૨૧-૨૨ માટે ગુજરાત રાજ્યનું કુલ GST કલેક્શન રૂા. ૯૦૮૯૨ કરોડ, જ્યારે વર્ષ ૨૦૨૨-૨૩ (એપ્રિલ-૨૦૨૨-નવેમ્બર-૨૦૨૨)માં તે રૂા. ૭૧૨૪૩ કરોડ છે.

રાજ્યના વિકાસ માટે સરકાર દ્વારા મહિલા ઉદ્યોગ સાહસિકો, ગ્રાસ-રૂટ સ્ટાર્ટઅપ્સ અને બિનપરંપરાગત ઊર્જા, ક્લાઈમેટ ચેન્જ ક્ષેત્રના સ્ટાર્ટઅપ્સને ખાસ સમર્થન અપાઈ રહ્યું છે. સ્ટાર્ટઅપ્સને સહાયતા માટેની યોજનાના ભાગ રૂપે મહિલાઓની આગેવાની હેઠળના સ્ટાર્ટઅપ્સને વિશેષ સમર્થન આપવામાં આવે છે. રાજ્યમાં મહિલા ઉદ્યોગ-સાહસિક અને ગ્રાસરૂટ ઈનોવેશનને વેગ આપવા માટે સરકાર દ્વારા GIAN, IRMA, સૃષ્ટિ ઈનોવેશન્સ, આણંદ એગ્રીકલ્ચર યુનિવર્સિટી, સ્ટ્રીનોવેશન વગેરે જેવા ગ્રાસરૂટ ઈન્ક્યુબેશન સેન્ટર્સને માન્યતા આપવામાં આવી છે.

## ઉદ્યોગ વિભાગમાં નોંધાયેલી ૫૧ નોડલ સંસ્થા

ગુજરાતમાં આજે ઉદ્યોગ વિભાગમાં નોંધાયેલી ૫૧ નોડલ સંસ્થાઓ છે. આ ઉપરાંત પોર્ટલ પર ૩૦૦થી વધુ મેન્ટર્સ સ્ટાર્ટઅપ્સને સહાયરૂપ બનવા માટે રજિસ્ટર્ડ થયેલા છે. આ યોજના હેઠળ કુલ ૩૯૦ સ્ટાર્ટઅપ્સને કુલ રૂ. ૪૩ કરોડની સહાયની ચૂકવણી કરવામાં આવી છે. આ સહાય મેળવેલા સ્ટાર્ટઅપ્સ દ્વારા કુલ ૧૨૫થી વધુ પેટન્ટ ફાઈલ કરવામાં આવ્યાં છે. આ માટે એક ઓનલાઇન પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે.

## ગુજરાત સરકારનું મુખ્ય ફોકસ સર્વસમાવેશક વિકાસ

સરકારનું મુખ્ય ફોકસ સર્વસમાવેશક વિકાસ છે. મુખ્ય ક્ષેત્રો તરીકે નવીનીકરણ, સસ્ટેનેબિલિટી, યુવા અને કૌશલ્ય વિકાસ અને નોલેજ શેરિંગને અલગ તારવામાં આવ્યાં છે. સ્ટાર્ટ અપ અને ઇનોવેશને આર્થિક વૃદ્ધિમાં મુખ્ય ભૂમિકા ભજવી છે. તેથી રોજગારીઓનું સર્જન થયું છે, સ્પર્ધામાં વેગ આવ્યો છે. ગુજરાતે વ્યાપક ઉદ્યોગ સાહસિકતાની તેની સહજ શક્તિને કારણે રાષ્ટ્રીય સ્ટાર્ટ અપ ઇકો સિસ્ટમમાં નોંધપાત્ર સ્થાન મેળવ્યું છે.

## વિદ્યાર્થીઓના વિચારોને સમર્થન આપવા યોજના

જાન્યુઆરી ૧૭માં શિક્ષણ વિભાગે ગુજરાત સ્થિત સંસ્થાઓ અને યુનિ.માં ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપવા એક યોજના શરૂ કરવામાં આવી હતી. ગુજરાત સરકાર સ્ટાર્ટઅપ ઇકો-સિસ્ટમના વિકાસ તરફ કામ કરવામાં મોખરે રહી છે. વ્યાપક ઉદ્યોગસાહસિક ભાવના અને હિસ્સેદારોના સમર્થનની રાજ્યની સહજ શક્તિને કારણે, તેણે ભારત સરકાર દ્વારા સતત ૨૦૧૮, ૨૦૧૯ અને ૨૦૨૧માં રાજ્ય સ્ટાર્ટઅપ રેન્કિંગમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર તરીકે માન્યતા મેળવી નોંધપાત્ર સ્થાન મેળવ્યું છે.

## ઔદ્યોગિક નીતિ હેઠળ સ્ટાર્ટઅપ યોજના હેઠળ કેટલી સહાય અપાય છે?

- સ્ટાર્ટઅપ દીઠ રૂપિયા ૩૦ લાખ સુધીનો seed support અપાય છે
- સામાજિક ક્ષેત્રના સ્ટાર્ટઅપ્સ માટે, સામાજિક પ્રભાવ ધરાવતા સ્ટાર્ટઅપ્સને રૂ. ૧૦ લાખની વધારાનો seed support પૂરો પડાય છે
- નિર્વાહ ભથ્થા તરીકે, માસિક રૂ. ૨૦,૦૦૦ એક વર્ષ માટે અને women led સ્ટાર્ટઅપ્સ, ગ્રાસ-રૂટ સ્ટાર્ટઅપ્સના કિસ્સામાં માસિક રૂ. ૨૫,૦૦૦ની સહાય અપાય છે
- Acceleration પ્રોગ્રામમાં ભાગ લેવા મહત્તમ રૂ. ૩ લાખની સહાય, અન્ય પ્રોત્સાહનોમાં તાલીમ માટે સ્ટાર્ટઅપ દીઠ રૂ. ૧ લાખ સુધીની સહાય અપાય છે
- માન્ય નોડલ સંસ્થાને સ્ટાર્ટઅપના મેન્ટરીંગના ભાગરૂપે સ્ટાર્ટઅપ દીઠ રૂ. ૧ લાખની સહાય મળે છે
- ગુજરાતના ૯૧૦૦+ સ્ટાર્ટઅપને ભારત સરકારના DPIIT દ્વારા માન્યતા પ્રાપ્ત થઇ છે.

## સેન્ટર ફોર આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટની ગાથા

- ગુજરાતે ૧૯૭૯માં સમગ્ર રાજ્યમાં સેન્ટર ફોર આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ નેટવર્ક શરૂ કર્યું હતું
- ૧૯૮૩માં "આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ"ની સ્થાપના કરી છે
- સરકાર દ્વારા સમર્થન પ્રાપ્ત વેન્ચર ફંડ ગુજરાત વેન્ચર ફાયનાન્સ લિ.ની સ્થાપના ૧૯૯૦માં ગુજરાત સરકાર અને વિશ્વ બેંકના સમર્થનથી કરવામાં આવી હતી
- IIM-અમદાવાદ ખાતે ૨૦૦૨માં સમર્પિત ઇન્ક્યુબેશન સેન્ટરની સ્થાપના કરવામાં આવી છે.